**સુવિચાર**
હંમેશા પોતાની જાત માટે જ કંઈ કરવા કરતાં કયારેક બીજા માટે પણ કંઈક કરી છૂટીએ એ છે સેવા.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૧૦/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૪૩

## મહાત્મા ગાંધીને ‘‘સ્વચ્છાંજલિ’’નાં નાટકમાં પણ મહત્વનાં સ્થળની બાદબાકી

# અમરેલીનાં પ્રવેશદ્વાર ગણાતા એરપોર્ટ નજીક ભયાનક ગંદકી

**ચિતલ, બાબરા તરફથી જિલ્લાનાં મુખ્ય મથકમાં પ્રવેશ કરે એને સૌપ્રથમ ગંદકી અને રખડતી ગૌ-માતાનાં દર્શન થાય**

**એરપોર્ટની દીવાલે બનાવાયેલ બ્યુટિફિકેશનમાં પણ ગંદકીનાં ઢગ અને બંધ સ્ટ્રીટલાઈટ જોવા મળે**

**જનતા જનાર્દનને મુર્ખ બનાવવાનો પ્રયાસ કરતાં રાજકીય આગેવાનોનાં તમાશા સૌ જાણી ચુકયા છે**

**જનપ્રતિનિધિઓ એ ભુલી જાય છે કે આજનો યુગ ડિજિટલ યુગ છે અને તમામ જનતાને ખબર છે કે તમોને કેવા નાટક આવડે છે**



અમરેલી, તા. ર

અમરેલી શહેરમાં છેલ્લા ર દિવસથી સત્તાધારી પક્ષનાં આગેવાનોને જન્મદિને મહાત્મા ગાંધી યાદ આવ્યા છે અને મહાત્મા ગાંધીને સ્વચ્છતા પસંદ હોય બે દિવસથી મહાત્મા ગાંધીને સ્વચ્છાંજલિ આપવાનાં ભાગરૂપે ઠેક–ઠેકાણે સ્વચ્છતા કરતાં હોય તેવા ફોટો સેશન થઈ રહ્યાં છે.

દરમિયાનમાં અમરેલીનાં પ્રવેશદ્વાર સમાન ચિતલ રોડ પરનાં એરપોર્ટની દીવાલ શરૂ થાય ત્યાં જાહેર માર્ગ ઉપર છેલ્લા ર મહિનાથી ગંદકી અને કાટમાળનો જમેલો જામેલ છે અને ગૌ–માતા ગંદકી ફેંદીને તેમનું પેટ ભરતીનું દ્રશ્ય રોજિંદુ બન્યું છે અને છતાં પણ પાલિકાનાં શાસકો ધ્વારા ગંદકી કે કાટમાળ દૂર કરવામાં આવતો નથી.

તદુઉપરાંત એરપોર્ટનાં મુખ્ય દરવાજાની બન્ને બાજુ તૈયાર કરેલ બ્યુટિફિકેશનમાં પણ અનેક જગ્યાએ ગંદકીનાં દ્રશ્યો રોજિંદા બન્યા છે અને સ્ટ્રીટ લાઈટ પણ છેલ્લા બે વર્ષથી તમામ શરૂ રહેતી જ નથી.

એક તરફ સ્વચ્છતાની શો–બાજી અને બીજી તરફ જાહેર માર્ગ અને જાહેર સ્થળોએ ગંદકીનાં દ્રશ્યો જોવા મળતાં શહેરીજનોમાં રાજકીય આગેવાનોનાં તમાશો ખુલ્લા પડી રહૃાા છે અને તમાશાબાજી પણ શહેરીજનોમાં હાસ્યાસ્પદ સાબિત થઈ રહી છે.







## અમે તો કાગળીયા લખી, લખી થાકયા, વહીવટી તંત્ર તારા મનમાં નથી

# અમરેલીના જશવંતગઢ ગામના ર૦ પરિવારોને મફત પ્લોટની માત્ર કાગળ પર ફાળવણી : સ્થળ પર ઠાગાઠૈયા

## સામાજિક કાર્યકર કાંતિલાલ પરમારે કલેકટરને પત્ર પાઠવી ન્યાય માંગ્યો

અમરેલી, તા. ર

અમરેલી ૧૭ કી.મી. દુર આવેલ જશવંતગઢ ગામની વસ્તી આશરે ૫,૦૦૦ ની છે. આ ગામે અનુસુચિત જાતિ, પટેલ, સુથાર, લુહાર, મુસ્લિમ, કોળી, બ્રાહ્મણ અને કાંગસિયા જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. અનુસુચિત જાતિ અને બક્ષીપંચના લોકો મોટે ભાગે ખેતમજુરી સાથે જોડાયેલ છે.

અમરેલી તાલુકામાં આવેલ જસવંતગઢ ગામના અનુસુચિત જાતિ અને બક્ષીપંચના જમીન વિહોણા ભૂમિહીન લોકો દ્વારા અમરેલી તાલુકા વિકાસ અધિકારીને નવ વર્ષ પહેલા

**અનુસંધાન પાના ૬ ઉપર**

**જોઈએ છે**
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

**બી.એડ. પ્રવેશ માટે**
મો. ૯૯૯૮૧ ૯૮૬૧૯
મો. ૯૯૦૯૫ ૨૩૪૧૮

‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
**જોઇએ છે**
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર.....................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨



## આઝાદીનાં લડવૈયા મહાત્મા ગાંધીનાં મૃત્યુનાં ૭૫ વર્ષે પણ તેમનાં ચિંધેલ માર્ગે આંદોલન

# અમરેલીમાં ''મિશન બ્રોડગેજ'' અભિયાન અંતર્ગત પ્રતિક ઉપવાસ

**છેલ્લા બે મહિનાથી શહેરનાં પ્રબુધ્ધ નાગરિકો બ્રોડગેજ અંગે અભિયાન ચલાવે છતાં સત્તાપક્ષનાં કોઈ આગેવાન મળવા આવતા નથી**

**દેશનાં પાટનગરની હવામાં સત્તાનો એવો નશો ચડે છે કે જનતા જનાર્દનની વેદના સમજી શકાતી નથી**

**અમરેલીનાં બબ્બે કદાવર નેતાઓ પાર્લામેન્ટમાં બિરાજમાન છતાં બ્રોડગેજનો ''બ'' બોલવા તૈયાર નથી**


**આગામી લોકસભાની ચૂંટણીમાં મિશન બ્રોડગેજ સત્તાધારી પક્ષનાં જે કોઈ ઉમેદવાર હશે તેમને ભીડવશે તે નક્કી**

અમરેલી, તા. ૨

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં મહાત્મા ગાંધીનાં જન્મદિને મિશન બ્રોડગેજ અભિયાન અંતર્ગત એક દિવસ માટે પ્રતિક ઉપવાસ શહેરનાં પ્રબુધ્ધ નાગરિકો ધ્વારા યોજાયા હતા.

અમરેલી એ રાજયને પ્રથમ મુખ્યમંત્રીની ભેટ આપનાર જિલ્લો છે. તે જિલ્લાનાં નેતાઓની નિષ્ક્રીયતા અને અણઆવડતનાં કારણે જિલ્લાનું મુખ્ય શહેર બ્રોડગેજ રેલ્વેની સુવિધાથી વંચિત છે. રાજયનાં દરેક જિલ્લા મથકે બ્રોડગેજ રેલ્વે સુવિધા ઉપલબ્ધ છે પરંતુ અમરેલી એક જ બાકાત રહ્યું છે.

અમરેલીનાં શહેરીજનો છેલ્લા ૩ દાયકાથી બ્રોડગેજ રેલ્વેની સુવિધા માંગતી રહી છે. ભાજપ અને કોંગ્રેસ સરકાર હોય કે જે–તે પક્ષનાં સાંસદ હોય બ્રોડગેજ સુવિધા મળી નથી, મળતી નથી તે કડવી હકીકત છે.




આજે અમરેલી પાલિકાથી લઈને દેશની પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન છે. શહેરીજનો અને જિલ્લાની જનતા છેલ્લા ૩ દાયકાથી પેટ ભરીને ભાજપને મત આપે છે તેમજ અમરેલીનાં બે આગેવાનોમાંથી એક લોકસભા અને બીજા રાજયસભામાં બિરાજમાન હોવા છતાં શહેરીજનોને બ્રોડગેજની માંગ સાથે આંદોલન કરવા પડે છે તે બાબત અતિ દુઃખદાયક બની છે.

## ખાંભાનાં મોટા સમઢીયાળા ગામે વૃદ્ધા ઉપર ૯ વ્યકિતઓનો હુમલો

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના મુકતાબેન વલ્લભભાઈ રાદડીયા નામના ૬૦ વર્ષિય વૃદ્ધાની દિકરી ગુલાબબેન તથા ભાવેશભાઈ લાલજીભાઈ સુખડીયાએ લગ્ન દરમ્યાન છેલ્લા દોઢેક વર્ષથી માથાકુટ ચાલતી હતી અને તેમણે બન્નેએ છુટાછેડા પણ લીધેલ છે તેમજ ગુલાબબેન અને તેમનો દિકરો મીત બન્ને મોટા સમઢીયાળા ગામે જ રહેતા તે દરમ્યાન ગુલાબબેન છુટાછેડા બાબતની અપિલમાં ગાધીનગર મુકામે ગયેલ હતી ત્યારે ખાંભા તાલુકાના મોટા સમઢિયાળા ગામે રહેતા આરોપી દિપકભાઈ લાલજીભાઈ સુખડીયા સહિત ૯ જેટલા વ્યકિતઓએ લાકડાના ધોકા તથા લોખંડની પાઈપ લઈ ઘરની દિવાલ કુદી અંદર ધુસી ગયેલ અને ઘરની અંદરથી દરવાજો ખોલી નાખેલ બધા એકસંપ કરી ઘરમાં આવી મુકતાબેન વલ્લભભાઈ રાદડીયા તથા સાહેદને જેમ ફાવે તેમ ગાળો આપી આરોપી પાસે રહેલ કપડા ધોવાના ધોકા વડે વૃધ્ધાને વાસાના ભાગે ત્રણ ઘા મારી, લોખંડની પાઈપ વડે જમણા પગના ઘુંટણ ઉપર એક એક ઘા તેમજ લાકડાના ઘોકા વડે ડાબા ખંભા ઉપર એક ઘા મારી ઈજા કરી હતી.

સાહેદ વચ્ચે પડતા તેમને પણ પછાડી દઈ લોખંડની પાઈપનો એક ઘા જમણા પગની પીંડી ઉપર મારી દિધેલ બાદ તે બધા આરોપીઓએ વૃધ્ધા તથા સાહેદને જેમ ફાવે તેમ ગાળો આપી ધક્કા મારી ઘરની બહાર કાઢી મુકેલ હતા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાય છે.

## સાવરકુંડલા ખાતે વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા. તા. ૨

સાવરકુંડલા શહેરમાં આવેલ સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ સંચાલિત વાટલીયા પ્રજાપતિ વિદ્યાર્થી ગૃહમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તેમજ યોગ્ય માર્ગદર્શન આપવા માટે કાર્યક્રમ યોજાયો. સાવરકુંડલા શહેરમાં આવેલ વાટલીયા પ્રજાપતિ વિદ્યાર્થી ગૃહમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા તથા યોગ્ય માર્ગદર્શન આપવા હેતુથી નંદલાલભાઈ કે.પાંડવ પ્રમુખ સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ (વાળાંક) ગત તા.૨૮/૯/૨૦૨૩ ના રોજ પધારેલા સાથે સાથે બાઈ માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા માતાજીના તિથિ ઉત્સવમાં મુખ્ય મહેમાન તરીકે પણ પધારેલા તેમની સાથે સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિના પૂર્વ સહમંત્રી લાભુભાઈ જે.વરિયા પણ પધાર્યા હતા આ બંને મહેમાનોએ તિથિ ઉત્સવના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભાગ લઈને સમસ્ત વાટલીયા પ્રજાપતિ જ્ઞાતિ વિશે વિવિધ પ્રકારનું માર્ગદર્શન આપ્યું હતું. તેમજ જ્ઞાતિના ઉત્કર્ષ માટે શિક્ષણ અને સંસ્કાર સાથે રાખીને પારિવારિક ભાવના નિર્માણ કરી સમાજ માટે હંમેશા એકતા જળવાઈ રહે તે માટેના સહુએ સાથે મળી સહારો પ્રયત્ન કરવા જોઈએ તેમજ જણાવ્યું હતું અને આ રીતે ભારત દેશના વિકાસમાં ભાગીદાર બનવાનો નમ્ર પ્રયાસ કરવો જોઈએ એ પણ એક સારા નાગરિક બનવા માટે અત્યંત જરૂરી છે. એ બાબત પ્રત્યે સવિશેષ ભાર મૂકી આપણું જીવનની સાર્થકતા સાબિત કરવી જોઈએ.સાથે સાથે તિથિ ઉત્સવમાં પધારેલા મહેમાનો અને કાર્યક્રમના આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા અને હંમેશા આવા પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમો અને ધર્મના કામ થતા રહે તેવી હૃદયની શુભકામનાઓ પણ પાઠવી હતી. વિશેષમાં હિંડોળાએ જણાવ્યું હતું કે નંદલાલભાઈ રાજુલા તાલુકાના છાપરી ગામના રહીશ છે હાલ સુરતની અંદર વર્ષોથી જ્ઞાતિનીસેવા કરે છે તેઓ આ અગાઉની ટર્મમાં પહેલા પણ પ્રમુખ તરીકે રહ્યા છે તેઓ હંમેશા સમાજના કામમાં સામાજિક તેમજ આર્થિક ક્ષેત્રે હંમેશા મદદગાર રહ્યા છે સમાજના કોઈપણ માઠા કામમાં પણ હંમેશા અગ્રેસર રહ્યા છે તેમની વિશાળ દ્રષ્ટિ એ છે કે સમાજમાં સાત્વિક અને ધાર્મિક વૃતિ ધરાવતાં લોકોને શોધી કાઢવાની તેમનામાં અભ્દૂત તાકાત છે તેમજ કોઈપણ મુશ્કેલીના સમયમાં માણસને મદદ કરવી તેમ જ કોઈ રાજકીય કે અન્ય કોઈ કામમાં પણ તેઓ સમાજની નાનામાં નાની વ્યક્તિને મદદરૂપ થતાં રહે છે. વિશેષમાં એટલું કહી શકાય કે આજની તમામ સાંપ્રત સમસ્યાઓમાં તેઓ હંમેશાં ભાગીદાર રહ્યા છે અને વિષમ પરિસ્થિતિમાં કે કોઈપણ સંજોગોમાં દરેક વ્યક્તિને મદદરૂપ થવું આ તેમના જીવનનો સિદ્ધાંત છે. એમ મનીષભાઈ બી. વિંઝુડાની યાદીમાં જણાવાયું હતું.

## સાવરકુંડલા રેન્જનાં લીખાળા રેવન્યુ વિસ્તારમાં નીલગાયનું વીજપ્રવાહનાં કારણે મોત થયું

અમરેલી, તા. ૨

ગીર પૂર્વ વન વિભાગ ધારીના ડીસીએફ રાજદિપસિંહ ઝાલા તથા મદદનીશ વન સંરક્ષક શૈલેષ ત્રિવેદીની સૂચનાથી સાવરકુંડલા રેન્જ ફોરેસ્ટ ઓફીસરના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા રેન્જ લીખાળા રેવન્યુ વિસ્તારમાં પોતાની વાડીમાં ગેરકાયદેસર ઝટકા મશીનમાં ઈલેકટ્રીક પ્રવાહ પસાર કરી વન્યપ્રાણી નિલગાય જીવ–૧નું મૃત્યુ નિપજાવતા જયંતિભાઈ ગોરધનભાઈ (રહે. લીખાળા)ને યાસીનભાઈ જુણેજા (ફોરેસ્ટર), પ્રદીપસિંહ ચાવડા (ફોરેસ્ટર), જે.વી. ડોડીયા (ફોરેસ્ટર)એ પકડી પાડી વન્યપ્રાણી અધિનિયમ–૧૯૭૨ હેઠળની કલમ અન્વયે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરતા એડવાન્સ રીકવરી પેટે રૂા. ૭૦ હજાર દંડ વસુલ કરવામાં આવ્યો.



## પોલીસે ગુજરાતી આલ્બમ બનાવનાર વ્યકિતની કરી અટકાયત

## ખાંભા : ખડાધાર ચેક પોસ્ટ પરથી મોંઘીદાટ કારમાં લઈ જવાતો વિદેશીદારૂ ઝડપાયો

અમરેલી, તા. ૨

દિવના ડગાચી ગામે રહેતો અને 'ઓઢણી ઓઢી લે ગોરી મારા નામની' ફિલ્મ તેમજ અનેક ગુજરાતી આલ્બમ બનાવનાર ક્રિષ્ના (માઈકલ) ઉર્ફે જેન્તી બાંભણીયા પોતાની લાલ રંગની ટાટા સફારી જીજે ૧૫ બીબી ૩૧૬૧ નંબરની કારમાં દારૂ તેમજ બિયરનો જથ્થો લઈ ખાંભા તરફ જઈ રહ્યો હોય ત્યારે ખાંભાની ખડાધાર ચેક પોસ્ટ પર થી પસાર થતો હોય ત્યારે પોલીસને શંકા જતા રોકાવી તપાસ કરતાં કારમાંથી વિદેશી બિયર નંગ ૨૦ તેમજ ૧ વિદેશી દારૂની બોટલ જેની કિંમત ૨૯૫૦ તેમજ કારની કિંમત૧ લાખ મળી કુલ ૧ લાખ ૨૯૫૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી ગુન્હો નોંધવામાં આવ્યો હતો.

ત્યારે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ફિલ્મનો હીરો દારૂના જથ્થા સાથે પકડાતા અનેક રાજકીય તેમજ સામાજિક આગેવાનોના ફોન ખાંભા પોલીસને ધણધણવા લાગ્યા હતા અને રવિવાર હોવા છતા મોડી રાત્રે છોડી મૂકવામાં આવ્યો હતો ત્યારે ખાંભા પોલીસ દ્વારા સામાન્ય વ્યક્તિ દારૂના જથ્થા સાથે ઝડપાય છે ત્યારે પ્રેસનોટ જાહેર કરવામાં આવતી હોય છે ત્યારે આ ગુજરાતી ફિલ્મનો હીરો કારમાં દારૂના જથ્થા સાથે ઝડપાતા પ્રેસ નોટ પણ જાહેર કરવામાં આવી ન હતી આ દારૂનો જથ્થો કોની પાસેથી લીધો હતો ? અને કોને દેવાનો હતો ? અને કેટલા સમયથી આ બુટલેગર હીરો દારૂ સપ્લાય કરતો હતો તેની તપાસ કરવામાં આવી હતી કે ભીનું સંકેલી લેવામા આવ્યું છે તે વાતે જોર પકડયું છે.

### એડવોકેટ અજય પંડયાની દલીલોને ગ્રાહ્ય રાખી


## બળાત્કારના આરોપી કૌશલભાઈ ભીમાણીનાં જામીન મંજુર

**એડી. સેશન્સ કોર્ટનો ચુકાદો**

અમરેલી, તા. ૨

અમરેલી રાજહસ રેસ્ટોરન્ટનાં માલિક સામે ભોગ બનનારને અગાઉ તેના રેસ્સ્ટોરન્ટની જાહેરાત માટે ફોટા પાડેલ અને પરિચય કેળવતા તેઓએ સહમતીથી સંબંધો બાંધેલ ત્યારબાદ ફરિયાદએ સંબંધ રાખવાની ના પાડતા આરોપી તેના ઘેર આવી તેનું ટી શર્ટ ફાડી અને બળાત્કારની કોશીષ કર્યાની ફરિયાદ કરેલ.

જેમાં ચાર્જશીટ થતા આરોપી દ્વારા એડી સેશન્સ કોર્ટમાં જામીન અરજ દાખલ કરેલ જેમાં



વિદ્વાન વકીલ અજય પંડયાની ધારદાર દલિલોને ધ્યાને લઈ આરોપીના જામીન એડી સેસન્સ જજ વાયએ ભાવસાર દ્વારા કરેલ છે.

### સારહિ તપોવન આશ્રમનાં નિર્માણમાં

## અમરેલીનાં વેપારી અગ્રણી સંજય વણઝારાએ રૂપિયા ૧ લાખની મદદ કરી

**આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા મુકેશ સંઘાણી દ્વારા આવકાર**



અમરેલી, તા.૨

સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સંચાલિત સારહી તપોવન આશ્રમનાં ઓફિસરૂમ પેટે તુલસીપત્ર રૂપે ફુલ નહી તો ફુલની પાંખડી સ્વરૂપે ૧,૦૦,૦૦૦ રૂપિયાનું અનુદાન તા.૩૦/૯/૨૦૨૩ના રોજ આપેલ સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા, પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાંઓ પાઠવી આ તકે સારહી પરિવાર વતી સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન, દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણી, વેપારી મહામંડળ પ્રમુખ બિરજુભાઈ અટારા, ઉપપ્રમુખ બિરેનભાઈ કાબરીયા, મુકેશભાઈ સોઢા, મંત્રી નયનભાઈ પરસાણીયા, સંગઠન મંત્રી વિજયભાઈ ખુબચંદાણી, નીતિનભાઈ હિરાણી, સહ ખજાનચી જીજ્ઞેશભાઈ ચાવડા, સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ સારહી પરિવાર વતી હૃદય પુર્વક આભાર માનવામાં આવેલા. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

# અમરેલીનાં લીકવીડ હાઉસની શુભેચ્છા મુલાકાતે કેન્દ્રીય મંત્રી રૂપાલા




અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશ સોઢાનાં નવા સોપાન લીકવીડ હાઉસની શુભેચ્છા મુલાકાત કેન્દ્રીય મંત્રી પરશોતમ રૂપાલા, સાંસદ નારણભાઈ કાછડીયા, લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે શહેર ભાજપ પ્રમુખ ભાવેશ સોઢાએ કેન્દ્રીય મંત્રીનું સ્વાગત કરીને લીકવીડ પ્રોડકશન અંગે વિસ્તૃત વર્ણન કરેલ.

## વર્તમાન સરકારને ભીડવવા અનેક રાજયોમાંથી લાખો કર્મચારીઓ જોડાયા

# નવી દિલ્હી ખાતે OPSની માંગ સાથે કર્મચારીઓનો હલ્લાબોલ

દેશભરનાં સરકારી કર્મચારીઓએ નવી પેન્શન પધ્ધતિ બંધ કરીને જુની પેન્શન પધ્ધતિ લાગુ કરવા માંગ કરી

૧૦-૧૨ વર્ષ પહેલા ભ્રષ્ટાચાર વિરૂધ્ધ થયેલ અન્ના હજારેનાં આંદોલનની સૌને યાદ તાજી થઈ

જો કે દેશનાં મહત્વનાં મીડિયાજગતે અકળ કારણોસર કર્મચારીઓનાં આંદોલનને હાઈલાઈટ ન કર્યુ

સોશ્યલ મીડિયાનાં માધ્યમથી દેશનાં કરોડો મોબાઈલમાં કર્મચારીઓની ભીડ જોવા મળી







નવી દિલ્હી, તા. ૨

દેશનાં પાટનગર નવી દિલ્હી ખાતે મહાત્મા ગાંધીની જયંતિનાં આગળનાં દિવસે "રામલીલા" મેદાન દેશભરમાંથી આવેલ લાખો કર્મચારીઓથી ખીચોખીચ ભરાયેલ હતું. જેમાં અમરેલી જિલ્લાનાં પણ અનેક કર્મચારીઓ જોડાયા હતા.

અમરેલીથી લઈને સમગ્ર ગુજરાત અને અલગ-અલગ રાજયોનાં લાખો કર્મચારીઓ ઘણા સમયથી નવી પેન્શન પધ્ધતિ બંધ કરીને જુની પેન્શન પધ્ધતિ લાગુ કરવા જે-તે રાજયનાં મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રી સુધી રજુઆત કરી રહૃાા છે. પરંતુ કોઈ જગ્યાએથી ન્યાય ન મળતાં તેઓએ પોતાનો અવાજ પ્રધાનમંત્રી સુધી પહોંચે તે માટે પાટનગર ખાતે વિશાળ રેલી યોજી હતી. જેમાં લાખોની સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા.

જો કે ૧૦-૧૨ વર્ષ પહેલા અન્ના હજારેનાં આંદોલનની યાદ તાજી કરાવે તેવા દ્રશ્ય અંગે દેશનાં મહત્વનાં મીડિયા જગતે અકળ કારણોસર દૂર રહેવાનું પસંદ કરેલ. જો કે સોશ્યલ મીડિયામાં માધ્યમથી દેશનાં કરોડો મોબાઈલમાં કર્મચારીઓની વિશાળ રેલી દેશવાસીઓએ નિહાળી હતી.

### પતિ-પત્ની બાઈક પર રાજુલા જતાં હોય દુર્ઘટના ઘટી

## રાજુલાનાં હિંડોરણા નજીક ટ્રકે હડફેટે લેતા પતિની નજર સામે પત્નીનું મોત

### પોલીસે ટ્રકનાં ચાલક વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો

અમરેલી, તા. ૨

જાફરાબાદ તુકી મહોલ્લામાં રહેતા જૈદીનભાઈ કરીમભાઈ નરપાલી નામના ૫૯ વર્ષિય મચ્છીમાર આધેડ આજે સવારના સાડા દસેક વાગ્યે તેઓ તથા તેમના પત્નિ સાથે મોટર સાયકલ નં. જી.જે.-૧૪-ઈ-૩૧૫૮ વાળુ લઈ જાફરાબાદથી રાજુલા જવા અને સવા અગીયારેક વાગ્યે તેઓ હિંડોરણા ગામ નજીક જાફરાબાદ રોડ તરફ હિંડોરણા પુલની પહેલા હાઈવે રોડ ઉપર પહોંચતાં સામેથી આવતા ટ્રક નં. જી.જે.-૩૨-વી-૪૮૧૭ વાળા ટ્રકના ચાલકે પોતાના હવાલાવાળા ટ્રકને પુર ઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાય તે રીતે રોંગ સાઈડમાં ચલાવી આવતા મોટર સાયકલ ટ્રક સાથે ભટકાઈ ગયેલ. જેથી પાછળ બેઠેલ મારા પત્નિ રજીયાબેન નીચે પડી જતા ટ્રકના ટાયર તેમના માથા ઉપર ચડી જતા તેમની પત્નિનું સ્થળ ઉપર મરણ ગયેલ હોય.



## લોનકોટડા ગામે માતા પુત્રીને ઝેરી અસર થતાં સારવારમાં

અમરેલી, તા. ૨

બાબરા તાલુકાના લોનકોટડા ગામે રહેતા વિજયભાઈ કાનજીભાઈ બોદર નામના ૩૬ વર્ષિય ખેડૂત યુવકના મૈત્રી કરાર કરેલ પત્નિ જીજ્ઞાબેન (ઉં.વ.૩૬) કપડા ધોવાનું કામ કરતા હોય તે દરમિયાન તેમનો નાનો દીકરો હેનીલ રડતો હોય જેને પેટ ભરાવવાનું ખેડૂત યુવકના મમ્મી સાકરબેને જીજ્ઞાબેનને કહેતા જિજ્ઞાબેને પેટ ભરાવવાની ના પાડતા સાકરબેન તથા જીજ્ઞાબેન વચ્ચે બોલાચાલી થતા ખેડૂત યુવકે જિજ્ઞાબેનને ઠપકો આપતા જિજ્ઞાબેનને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઘરમાં પડેલ મગફળીમાં છાંટવાની ઝેરી જંતુનાશક દવા પીવા જતાં ખેડૂત યુવકે જીજ્ઞાબેનના હાથમાંથી ઝેરી દવાની બોટલ આચકી લેતા તેના પહેરેલ કપડામાં ઝેરી દવા ઢોળાયેલ હોય આ દરમ્યાન તેમની નાની દીકરી જીયા તેના મમ્મી જીજ્ઞાબેનને બથ ભરી જતા તેણીને પણ ઝેરી દવાની અસર થયા અંગે પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ભરણપોષણનો કેસ પણ અગાઉ થયો હતો

## ધારીનાં ઝર ગામે પતિએ ઘરકંકાસ કરીને તેમની પત્નીની કરી હત્યા

### સમાધાન થયા બાદ પુનઃ બન્ને વચ્ચે ડખ્ખો થયો

અમરેલી તા. ૨

અમરેલી તાલુકાના ચિતલ નજીક આવેલ જસવંતગઢ ગામે રહેતા અમિનાબેન જુસબાભાઈ રાઠોડ નામના ૬૫ વૃધ્ધાની દિકરી મદિનાબેન ઉર્ફે મુમતાઝબેન (રહે.ઝર,તા.ધારી) વાળાને તેના પતિ યુનુસભાઈ ઉર્ફે ભકો ગોદડભાઈ લલીયા દ્વારા અવાર નવાર તેણીને માનસીક તથા શારીરિક ત્રાસ આપી મારકુટ કરતા હોય જેથી મદિનાબેન ઉર્ફે મુમતાઝબેન અવાર-નવાર તેણીના પિયર રીસામણે જતા રહેતા હોય અને આ ત્રાસથી તેણીએ તેના પતિ યુનુસભાઈ ઉર્ફે ભકા વિરૂધ્ધ અમરેલી કોર્ટમાં ભરણ પોષણનો કેસ પણ કરેલ અને ત્યાર બાદ જ્ઞાતિના આગેવાનોની મધ્યસ્થિથી સમાધાન કરી કોર્ટમાં દાખલ કરાયેલ કેસ પાછો ખેંચેલ ત્યાર બાદ પણ તેણીને આરોપી યુનુસભાઈ ઉર્ફે ભકો તેના ઘરે લઈ ગયેલ. ત્યાર બાદથી છેલ્લા આશરે ૧૩ માસથી તેણીને આરોપી શારીરીક માનસીક ત્રાસ અપાતો હોય અને આ દરમિયાન તેણીને સંતાનમાં એક દીકરો થયેલ જેથી તેણી પોતાનું ઘર સાચવી રાખવા માટે આ દુઃખ ત્રાસ સહન કરતા હોય અને ગઈકાલે સવારે આશરે સવા અગિયાર વાગ્યે મદિનાબેન ઉર્ફે મુમતાઝબેન ધારી તાલુકાના ઝર ગામે પોતાના ઘરે હતા ત્યારે આરોપી યુનુસભાઈ ઉર્ફે ભકોએ ઝઘડો કરી મારકુટ કરી પોતાની પત્ની ઉપર કુહાડીથી હુમલો કરી મોઢાના ભાગે તથા માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી મોત નિપજાવ્યાની ફરિયાદ મૃતક પરિણીતાની માતા અમિનાબેન જુસબાભાઈ રાઠોડ (રહે. ચિતલ, જસવંતગઢ) વાળાએ ચલાલા પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■ સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલમેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

"શ્રી વલ્લભ" Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
Go BIG Go XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

YAMAHA RACING
।। વંદે માતરમ્ ।।
FZ-S Fi
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight 135kg
3D Emblem
Durable 149cc fuel injection Engine
Two-level Single Piece Seat
- ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

### ગૃહરાજય મંત્રી હર્ષભાઈ સંઘવી, વન મંત્રી મુકેશભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં

# દામનગર ખાતે સર્વ રોગ નિદાન, સીપીઆર તાલીમ અને બ્લડ ડોનશન કેમ્પ સંપન્ન



અમરેલી જિલ્લાના દામનગર ખાતે ગૃહરાજય મંત્રી હર્ષભાઈ સંઘવી, રાજય વન પર્યાવરણ અને જળસંપત્તિ મંત્રી મુકેશભાઈ પટેલ અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતમાં મલ્ટિ સ્પેશિયાલિટી તબીબોનો સર્વરોગ નિદાન કેમ્પ, સી.પી.આર. તાલીમ અને બ્લડ ડોનેશન કેમ્પનો ત્રિવિધ કાર્યક્રમ સંપન્ન થયો હતો. શેઠ એમ.સી. મહેતા હાઈસ્કુલના પ્રાંગણમાં ક્રિશ હાર્ટ ફાઉન્ડેશન અને સ્ટાર હોસ્પિટલ અમદાવાદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં મંત્રીઓનું વરિષ્ઠ તબીબોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ૧૨૦૦ જેટલા નાગરિકોનાં આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રેરક સંબોધન કરતા ગૃહરાજય મંત્રી હર્ષભાઈ સંઘવીએ જનસમુદાયના કલ્યાણ માટે સચિવાલયના વિવિધ વિભાગોમાં સતત કામ અર્થે આવતા અને જિલ્લાના વિકાસ માટે સતત ચિંતિત અમરેલીના સર્વે ધારાસભ્યો અને સાંસદને અભિનંદન પાઠવ્યા હતા. દેશમાં એક સમયે મોંઘી આરોગ્ય સેવાઓના કારણે સામાન્ય પરિવાર માટે દુર્લભ રોગોની સારવાર કરાવવી મુશ્કેલ હતી. પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી ‘ આયુષ્યમાન ભારત યોજના’ દ્વારા દેશના સામાન્ય વર્ગને આરોગ્ય સુરક્ષા કવચ પ્રદાન થયું છે. આ અંગે ગૃહ રાજયમંત્રીએ જણાવ્યું હતું કે, એક સમયે સામાન્ય નાગરિકોને નાની મોટી બીમારી આવે તો ડોકટર પાસે સારવાર કરાવતા અચકાતા હતા કારણ કે તેમની બચત સારવારમાં વપરાઈ જતી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્માન ભારત યોજના થકી દેશના મધ્યમ અને નાના પરિવારોનું જીવન સુરક્ષિત બનાવવાની કામગીરી કરી છે. આ યોજના હેઠળ દેશના અન્ય રાજયોમાં રૂા. ૫ લાખની સહાયતા મળે છે જયારે રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂા. ૧૦ લાખ સુધીની સહાયતા આપવાનું નક્કી કર્યુ છે. તેમણે અમરેલી જિલ્લા પોલીસ તંત્ર અને જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓને અભિનંદન આપતા જણાવ્યું કે, વ્યાજખોરીના દૂષણને ડામવાના અભિયાનમાં ટીમ અમરેલીએ સમગ્ર રાજયમાં સર્વશ્રેષ્ઠ કામગીરી કરી છે. મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં પોલીસે આ અભિયાન હેઠળ રાજયના નાગરિકોને વ્યાજખોરીના દૂષણમાંથી બચાવ્યા છે. રાજયમાં પોલીસ વિભાગ દ્વારા ડ્રગ્સના દૂષણને ડામવા માટે કરવામાં આવેલી કામગીરી વિશે તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાત પોલીસે છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં દેશના કોઈપણ રાજયમાં આજદિન સુધી ન પકડાયું હોય એટલું ડ્રગ્સ ભારત–પાકિસ્તાન બોર્ડર પર જઈને પડકારજનક પરિસ્થિતિમાં પકડીને રાજયના યુવાનોનું જીવન સુરક્ષિત કરવાની કામગીરી કરી છે. આ પ્રસંગે તેમણે તાજેતરમાં જ ગાંધીધામથી પકડાયેલું દેશના ઈતિહાસનું સૌથી મોટું આશરે ૮૦૦ કરોડનું ડ્રગ્સ પકડવાની કામગીરીને બિરદાવી હતી. પોલીસે આ કામગીરી દ્વારા યુવાધનનું જીવન બરબાદ થતું બચાવવાની કામગીરી કરી છે. તેમણે અમરેલી જિલ્લામાં રમતગમતના વિકાસ માટે અને વાહનવ્યવહાર વિભાગ હેઠળ નવી બસની સુવિધા અને નવા પ્રકલ્પો અને નવી સુવિધાઓમાં વધારો કરવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓના પ્રયાસમાં સહયોગ આપવાની ખાતરી આપી હતી. ગૃહરાજયમંત્રીએ લાઠી– બાબરા મતવિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાને તેમના વિસ્તારના અવિરત વિકાસ માટે કરવામાં આવતા કાર્યો બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા પોલીસ વડા હિમકરસિંઘ, સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ, આરોગ્ય કેમ્પના આયોજકો અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### ‘ગાંધી જયંતિ’ની ઉજવણી અંતર્ગત

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં સ્વચ્છતા અભિયાન યોજાયું

### મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ જોડાઈ

અમરેલી, તા.૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આટર્સ કોલેજ– અમરેલીમાં તા.૩૦/૯/૨૦૨૩નાં રોજ ૨ ઓકટોબર ગાંધી જયંતીનાં સંદર્ભે 'સ્વચ્છતા અભિયાન અંતર્ગત' એન.એન.એસ. યુનિટ, એન.સી. સી.અને કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું. જેમાં એન.એન.એસ.યુનિટ તેમજ એન.સી.સી.ની ૪૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.



સ્વચ્છતા એ જ સાચી પ્રભુસેવા અને માનવ સેવા છે, આ મંત્રને જેમણે પોતાનાં જીવનમાં ચરિતાર્થ કર્યો છે. એવા આપણા રાષ્ટ્રાપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સવારે ૯ થી ૧૧ દરમ્યાન કોલેજ કેમ્પસથી મુખ્ય રોડ સુધી એન ચિતલ રોડ સ્થિત રાધિકા હોસ્પિટલનાં ગેઈટ અને આસપાસનાં વિસ્તાર જેવા જાહેર સ્થળોની સફાઈ કરવામાં આવી હતી. આ સ્વચ્છતા' અભિયાનમાં પ્રિન્સિ. ડો.ચુડાસમા, નોડલ ઓફિસર અને એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો.અરૂણાબેન પટેલ, સહાયક એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.નયનાબેન જોશી, એન.સી.સી. ઓફિસર પ્રા. મનિષાબેન સાગઠિયા તેમજ સમગ્ર કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહયો હતો.


''અમરેલી એક્સપ્રેસ''

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

''અમરેલી એક્સપ્રેસ''દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


## ખાંભા : સેકન્ડ પી.એસ.આઈ. એસ.કે. બરજોડનો નિવૃતિ વિદાય સમારોહ યોજાયો





અમરેલી, તા.૨

ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ કવાર્ટરના ગ્રાઉન્ડમાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા પી.એસ.આઈ. બરજોડનો વિદાય સમારોહ નવ નિયુક્ત પી.એસ.આઈ. કે.ડી. હડિયાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે નાગેશ્રી પી.એસ.આઈ. પલાસ તથા સંતો, સમગ્ર ખાંભા પોલીસ સ્ટાફ, હોમગાર્ડ સ્ટાફ તથા કોર્ટ સ્ટાફ તેમજ જુદી જુદી સંસ્થાઓના પ્રતિનિધિ તથા ગામડામાંથી સરપંચો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## સાવરકુંડલા : મહાત્મા ગાંધી ધર્મશાળા ખાતે ગાંધીજયંતિએ વિવિધ કાર્યક્રમો યોજાયા

સાવરકુંડલા, તા. ૨

સાવરકુંડલા સ્થિત મહાત્મા ગાંધી ધર્મશાળા ખાતે ડો.નલીન ધોળકિયા (પ્રમુખ) પ્રકાશભાઈ વડેરા (મંત્રી) તથા ટ્રસ્ટીઓ તથા કમિટી મેમ્બરના સભ્યોના નિમંત્રણથી દીપકભાઈ લલ્લુભાઈ શેઠ (કેન્સર સ્પેશિયાલિસ્ટ) લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર તથા જયંતીભાઈ વાટલીયા (મેનેજીંગ ટ્રસ્ટી) નૂતન કેળવણી મંડલની આગેવાની નીચે સફાઈ અભિયાન, મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવવાનો, તથા ગાંધીજીના ગીતોનો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો.

આમ ગાંધી જયંતિ નિમિત્તે મહાત્મા ગાંધીના વિચારોને વાગોળવા અને તેના બતાવેલ માર્ગ પર ચાલવાના ઉદ્દેશ સાથે મહાત્મા ગાંધી ધર્મશાળા ખાતે ત્રિવિધ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાવરકુંડલા નગરપાલિકાના નવનિયુક્ત ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી તેમજ સાવરકુંડલા નગરપાલિકા કારોબારી ચેરમેન અશોકભાઈ



ચૌહાણને સંન્માનિત કરવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નવનિયુક્ત નગર પાલિકા પ્રમુખ અનિવાર્ય સંજોગોને કારણે મેહૂલભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહી શકયા ન હતાં.

આમ સફાઈ અભિયાન અંતર્ગત ઉપસ્થિત તમામ દ્વારા સફાઈ કરવામાં આવેલ આ તકે મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી હૃદયના શુધ્ધ ભાવથી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ. અને છેલ્લ આ ધર્મશાળાના વિશાળ હોલમાં ખૂબ જ પવિત્ર વાતાવરણમાં ગાંધી ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમને અંતે ઉપસ્થિત તમામ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ તો આ મહાત્મા ગાંધી ધર્મશાળા એટલે ગાંધીજીના આદર્શો પર ચાલતી સંસ્થા છે. સાવરકુંડલા શહેરમાં સ્વ.લલ્લુભાઈ શેઠ દ્વારા ગાંધી વિચારને વ્યાપકતા મળેલ હોય અહીં ગાંધી વિચારધારા અને મૂલ્યોનું જતન કરતી અનેક શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ વિદ્યમાન છે. અને જયંતીભાઈ વાટલીયા, હરેશ ભાઈ મહેતા, દિવ્યકાંત ભાઈ સૂચક, ભરતભાઈ જોષી, ચંદ્રિકાબેન કામદાર, ગીતાબેન જોષી, મુકુંદભાઈ નાગ્રેચા, ગેડીયાભાઈ, અષ્ટકાન્તભાઈ સૂચક, એ.ડી.રૂપારેલ, જેવાં ગાંધી વિચારને વરેલા મહાનુભાવો આવી ગાંધી વિચારધારાને વરેલી સંસ્થાઓના વિકાસ અને ગાંધી વિચારનાં સંવર્ધન માટે હરદમ પ્રયાસ કરતાં જોવા મળે છે.

# અમરેલી જિલ્લાની ૬૧૬ ગ્રામ પંચાયતોમાં શ્રમદાન મહાઅભિયાન સંપન્ન



‘સ્વચ્છ ભારત અભિયાન’ અંતર્ગત મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી શરૂ થયેલા ‘સ્વચ્છતા પખવાડિયા’ અંતર્ગત રવિવારે અમરેલી જિલ્લાની ૬૧૬ ગ્રામ પંચાયતોમાં બહોળી સંખ્યામાં લોકો શ્રમદાનના મહા અભિયાનમાં જોડાયા હતા. આ કાર્યક્રમ દ્વારા અમરેલી જિલ્લામાં અગાઉથી નક્કી કરવામાં આવેલા બ્લેક સ્પોટ પર પદાધિકારીઓ, અધિકારીઓ અને નાગરિકોએ શ્રમદાન કર્યુહતું. કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના વતન ઈરીયા ખાતે વિધાનસભાના નાયબ મુખ્યદંડક અને અમરેલી – વડિયા – કુંકાવાવ વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને ઈન્ચાર્જ જિલ્લા કલેકટર દિનેશ ગુરવે વહેલી સવારે સ્વચ્છતા શ્રમદાન કર્યુ હતું. ગ્રામજનોની ઉપસ્થિતિમાં ઈરીયા બસ સ્ટેશન રોડ પરથી કચરો એકઠો કરી અને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. અમરેલી જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડિયાએ સાંસદ આદર્શ ગ્રામ જાત્રુડા ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વસ્તાણી સાથે શ્રમદાન કર્યુ હતું. આ પ્રસંગે ગ્રામ પંચાયતને અર્પણ કરવામાં આવેલી ઈ–રીક્ષાને પણ કાર્યરત કરવામાં આવી હતી. સાવરકુંડલા– લીલીયા મત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સાવરકુંડલા તાલુકાના ખડસલી ખાતે, રાજુલા–જાફરબાદ મત વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોંલકીએ જાફરબાદના સરકેર દરિયા કિનારે અને લાઠી–બાબરા મતવિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાએ વાંડલિયા ગામ ખાતે સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ અને ગ્રામજનો સાથે મળી સ્વચ્છતા શ્રમદાન કર્યુહતું. અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળે પ્રાંત અધિકારીઓ, માલતદાર, તાલુકા વિકાસ અધિકારી, નગરપાલિકાના ચીફ ઓફિસર વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓએ ગ્રામ્ય, તાલુકા, નગરપાલિકાએ શ્રમદાન યજ્ઞમાં જોડાઈ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યુ છે.

# બાબરામાં લોહાણા સમાજની વાડી ખાતે લોહાણા સમાજ દ્વારા સન્માન સમારંભ યોજાયો







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં લોહાણા સમાજની વાડી ખાતે લોહાણા સમાજનો સન્માન સમારંભનું ભવ્ય આયોજન લોહાણા મહાજન દ્વારા કરવામાં આવ્યું હતું. લોહાણા મહાજનના પ્રમુખ મૂળરાજભાઈ જસાણીના અધ્યક્ષ સ્થાને આયોજિત આ સન્માન સમારંભ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ અને જિલ્લા લોહાણા મહાજન અગ્રણી ડો.ભરતભાઈ કાનાબાર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને તેમના વરદ હસ્તે લોહાણા મહાજનના સેવાર્થીઓનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. લોહાણા સમાજના ૨૬ જેટલા સેવાર્થીઓનું સમાજ સહિત અને સેવાકીય કાર્યો બદલ તેમને સન્માનિત કરવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા લોહાણા મહાજનના ટ્રસ્ટીઓ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી તેમજ કાર્યક્રમનું સંચાલન અરવિંદભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સા.કુંડલા ખાતે ગ્રા. સુરક્ષા મંડળ અંતર્ગત ચાલતી કન્ઝ્યુમર કલબને ચેક અર્પણ થયા





સાવરકુંડલા. તા. ૨

સાવરકુંડલા શહેરમાં આવેલ અધ્યાપન મંદિર ખાતે બપોરે ત્રણ વાગ્યે સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ગ્રાહકોમાં જાગૃતિ લાવવા માટે જાગો ગ્રાહક જાગો એ સૂત્રને હૃદયસ્થ કરવા માટે તથા આ ગ્રાહક સુરક્ષા મંડળ સંચાલિત કન્ઝ્યુમર કલબના પ્રતિનિધિઓને સરકારના ગ્રાહક બાબતો વિભાગ દ્વારા ફાળવવા આવેલ ગ્રાન્ટના ચેકનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ ચેક વિતરણ કાર્યક્રમને શોભાવવા માટે શહેરના ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશભાઈ મશરૂ, અગ્રણી માણાભાઈ, જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસમાંથી પધારેલ એજ્યુકેશન ઈન્સ્પેકટર ચૌહાણ, સિનિયર એડવોકેટ અશોકભાઈ સોસા, મયૂરભાઈ દેસાઈ, સમેત શહેરના પ્રતિષ્ઠિત નાગરીકોની ઉપસ્થિતિમાં ઉપસ્થિત હાઈસ્કૂલના કન્ઝયુમર કલબના પ્રતિનિધિઓને ચેક વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમનાં પ્રારંભમાં મહિલા અધ્યાપન મંદિરના મંત્રી નીલાબેન વાઘાણીએ ઉપસ્થિત તમામને ગ્રાહક જાગૃતિ અભિયાનને હજુ વધુ સક્રિય બનાવવા હાકલ કરી હતી. તો ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલાના પ્રમુખ રમેશભાઈ હિરાણી દ્વારા પણ ગ્રાહક છેતરપિંડીનો ભોગ ન બને તે માટે સતર્કતા રાખવા તથા તે અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા અંગે સમજ આપી હતી. પ્રાસંગિક ઉદબોધનમાં સાવરકુંડલાના શિક્ષણ શાસ્ત્રી મયૂરભાઈ દેસાઈ દ્વારા ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા ચાલતી જાગો ગ્રાહક જાગો ઝૂંબેશને બિરદાવી અન્ય ગ્રાહક સુરક્ષા મંડળોએ પણ આ પ્રણાલીને અનુસરવું જોઈએ તે બાબત પર સવિશેષ ભાર મૂકયો હતો. કાર્યક્રમનું સંચાલન ડો.રવિભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ. જયારે આભાર વચનમાં સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળના સક્રિય સભ્ય તથા વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી દ્વારા આ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા માટે પધારેલ તમામનો હૃદયપુર્વક આભાર માનવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રાહક સુરક્ષા મંડળ સભ્યો ભાવેશભાઈ, વિક્રમભાઈ ખુમાણ, મુકેશભાઈ બુંદેલિયા વિગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. એકંદરે કાર્યક્રમ ખૂબ સુંદર અને સફળ રહ્યો હતો.

## મોટા ભમોદ્રા ખાતે ગાંધી જયંતિએ રકતદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૨

ગાંધી જયંતિ નિમિત્તે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. જોષીનાં માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા ઝીંઝુડાના H.W.C. મોટા ભમોદ્રા ખાતે મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

જેમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. મીના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટા ઝીંઝુડાના મેડિકલ ઓફિસર ડો. પારઘી, તાલુકા સુપરવાઈઝર સંજયભાઈ મહેતા, મેઈલ સુપરવાઈઝર મુકુંદભાઈ, લાધવાભાઈ M.P.H.W. અને હિરલબેન F.H.W. અને તમામ આશા બહેનો તેમજ ગામના સરપંચ ભાવેશભાઈ ખૂટ અને ઉપસરપંચ અનિભાઈ શિંગાળા અને તમામ ગ્રામજનો અને ગામના આગેવાનો દ્વારા સારી કામગીરી કરેલ છે. જેમાં ૨૫ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવેલ જેમાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.

### શહેર ભાજપ દ્વારા

## બાબરામાં શહેર ભાજપ પરિવાર દ્વારા ગાંધી જયંતિની ઉજવણી

### મહાત્મા ગાંધીનાં તૈલચિત્રને સૂતરઆંટી પહેરાઈ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨

બાબરામાં ખાદી ભંડાર ખાતે શહેર ભાજપ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી ઉજવણી કરવામાં આવી હતી અહીં ગાંધીજીની છબીને શહેર ભાજપના અગ્રણીઓ દ્વારા સુતરની આંટી અર્પણ કરી ભાવ વંદના કરવામાં આવી હતી તેમજ અહીં ખાદી ભંડાર ખાતે ખાદીના વસ્ત્રોની ખરીદી કરવામાં આવી હતી.

નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, જગદીશ વાવડીયા, ધર્મેશ વાવડીયા, અશ્વિનભાઈ મકવાણા, ગંભીરસિંહ સોલંકી, કપિલભાઈ ચોવટિયા, મહેશભાઈ ચૌહાણ, રાજુભાઈ રંગપરા, પ્રતાપભાઈ ખાચર, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ખાદી ભંડારના અનિલભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### સદ્‌ભાવનાં વૃદ્ધાશ્રમ પરિવાર ખુશ

## વન અધિકારી દ્વારા કોનો કાપર્સ રોપા ન ઉછેરવાનાં નિર્ણયને આવકાર





અમરેલી, તા. ૨

ગુજરાત સરકારનાં વન વિભાગ દ્વારા હાલમાં જ પર્યાવરણ ખુબ મોટું નુકશાન પહોંચાડનાર કોનો કાપર્સ વૃક્ષોનો ઉછેર ન કરવાનો પર્યાવરણની જાળાવણી માટે અતિ મહત્વપુર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.જે બદલ ગુજરાત સરકારનાં વન વિભાગ તથા એસ.કે.ચર્તુવેદી (અગ્ર મુખ્યવન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ) નો સદભાવનાં વૃધ્ધાશ્રમ પરીવાર દ્વારા આભાર વ્યકત કરી નિર્ણયને આવકાર્યો હતો.

હાલમાં ગુજરાત સરકારનાં ધ્યાનમાં આવેલ છે.રાજયમાં વિદેશી પ્રજાતી ‌ કોનોકાર્પસનાં ઉછેરનો વ્યાપક વધી રહયો છે. જેનાં કારણે પર્યાવરણ અને માનવજીવન ઉપર નકારાત્મક અસરો ઉત્પન્ન થાય છે. કોનોકાર્પસના મુળ ‌ીયા જમીનમાં ઉંડે જાય છે. અને ખુબ જ વિકાસ પામે છે.

જેના લીધે સંદેશાવ્યવહાર કેબલ, ઘણી ડ્રેનેજ લાઈનો અને તાજા પાણીની વ્યવસ્થાને નુકશાન થઈ રહયું છે. ‌ખાસ કરીને આ વૃક્ષ શીયાળાની ઋતુમાં ફુલ આવે છે. જેનાં પરાગરજકો આજુબાજુનાં વિસ્તારમાં ફેલાયે છે.

જેના કારણે મનુષ્યોને શરદી, ઉધરસ, અસ્થમાં, એલર્જી વિગેરે જેવા અનેકો રોગો થવાની સંભાવનાં રહેલી છે.સરકાર જેવી રીતે ગાંજાનાં છોડનાં ઉછેર ન કરવા માટે કટીબધ્ધ છે. તેવી જ જો કાયમી ધોરણે કોનોકાપર્સ વૃક્ષનો ઉછેર ન થાય તે દિશામાં ચોકકસ પગલાં લ્યે તો પર્યાવરણને ખુબ જ મોટો ફાયદો થશે જો દેશીકુળનાં ફળ, ફુલ અને ઔષધીય વૃક્ષોનું વાવેતર કરવામાં આવે તો પર્યાવરણનું રક્ષણ થવાથી પશુ–પક્ષી અને જીવન જંતુનું ખુબ મોટું રક્ષણ થશે અને માનવ જીવનને ખુબ મોટો ફાયદો થશે.

કોનોકાર્પસ લેન્સિ ફોલિઅસ (Conocarpus lancifolius) સુશોભન માટેનું વૃક્ષ છે. જે ખાસ કરીને સુંદર હે જ બનાવવામાં વપરાય છે. તે કોમ્બેટેસી (Combretaceae) કુળની વનસ્પતિ છે.

લેન્સલીફ બટનવૃડ (Lanceleaf Button wood) દમાસ ટ્રી (Damas Tree) વગેરે જેવા સામાન્ય નામોથી ઓળખવામાં આવે છે. તે પશ્વિમી એશિયા (યમન) નું મુળ વતની છે. તે સદાહરીત છે. જે ૨૦ મીટર ઉંચુ વધે છે. વાવેતર કરેલ વૃક્ષ મોટાભાગે એક જ પ્રકાંડવાળુ પરંતુ જયાં કુદરતી રીતે ઉગે છે. તેવા વૃક્ષોમાં ઘણી બધી શાખાઓ હોય છે. પાંદડા સરળ અને ચળકતા, ૧૦ સે.મી.લાંબા, લેન્સ આકારનાં, આધાર પાસે સાંકડા અને ગાઢ સર્પાકારમાં ગોઠવાયેલ હોય છે. ફુલોા પીળાશ પડતાં લીલા, શાખાઓ પર ગોળકાર હેડ આકારનાં અને થોડા સુગંધીદાર, ફળ શુષ્ક, ગોળાકાર લીલા રંગનાં, કોન જેવા જે ભીંગડા જેવા નાના ઘણા સખત બીજ ધરાવે છે.સુશોભન માટે ઉપયોગી એવું આ વૃક્ષ માત્ર દેખાવમાં જ સારૂ છે. ખરેખર આ વૃક્ષ પર્યાવરણની સાથે સાથે વ્યકિતનાં સ્વાસ્થ્ય માટે પણ ખુબ જ હાનિકારક છે.

આ વૃક્ષ માટે ભાગે દરિયાકિનારે વાવવામાં આવતું હતું પરંતુ આજ શહેરની શોભા વધારવા શહેરી વિસ્તારમાં આ વૃક્ષ વવાઈ રહયા છે. આ વૃક્ષ જમીનમાંથી બહોળા પ્રમાણમાં પાણી ખેંચી લે ‌છે. જેથી ભવિષ્યમાં જમીનનાં પાણીની સપાટી ખુબ જ નીચી જવાની શકયતાઓ ખુબ જ વધારે છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજયનાં અમુક શહેરોમાં આ પરિસ્થિતિ ઉભી પણ થઈ છે.

આ ઉપરાંત આ વૃક્ષનાં કારણે હવાનું પ્રમાણ પણ ખરાબ થયાનું પર્યાવરણવિદો જણાવે છે.જેથી પર્યાવરણવિદો અને વનસ્પતશાસ્ત્રો દ્વારા દેશી વૃક્ષોનું વાવેતર કરવા આગ્રહ કર્યો છે.

# અમરેલીના એસ.એચ. ગજેરા સંકુલમાં ગાંધી જયંતિની સાદગીપૂર્ણ ઉજવણી



ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ તથા શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ બાલમંદિર થી ધો.૧૨ના વિદ્યાર્થીઓને ગાંધીજીના રાષ્ટ્રવાદની એક ઝલક દર્શાવતા ખાદીની ધોતી અને લાકડી સાથે અહિંસાના માર્ગે સાદગીપૂર્ણ જીવન જીવી સમગ્ર રાષ્ટ્રના મહાત્મા તરીકેનું બિરુદ મેળવેલ છે તે અંગે અન્ય વિદ્યાર્થીઓને ગાંધીજીના જીવન, ચરિત્ર વિશે સ્ટાફ દ્વારા માહિતી આપવામાં આવી. અનેક બાળકો ગાંધીજી, સ્કતુરબા, લાલ બહાદુર શાસ્ત્રીની વેશભુષામાં શાળ ‌એ આવ્યા હતા. સવાપરપાળી અને બપોરપાળીના વિદ્યાર્થીઓ શાળામાં ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી અને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા. મહાત્મા ગાંધીજીની ૧૫૪મી જન્મજયંતી વિશ્વભરમાં ખુબ આદર અને ગૌરવથી ઉજવાય છે. ગાંધીજી એક જ એવું મહાન વ્યકિતત્વ ધરાવતા હતા કે અન્ય દેશોમાં પણ તેઓની જન્મજયંતિ ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીઓએ પોતાના જીવનમાં સાદગી, સત્ય, સર્વ મનુષ્ય પ્રત્યે પ્રેમભાવ અને અહિંસા જેવા અમુલ્ય ગુણો વિકસાવવા પ્રેરણા મેળવવી જોઈએ. સ્વાતંત્ર્ય ભારતના બીજા વડાપ્રધાન અને સાદગીના પ્રતિક લાલબહાદુર શાસ્ત્રીજીની પણ આજે જન્મજયંતી છે જેમણે "જય જવાન, જય કિસાન"નો નારો આપી લોકોમાં દેશપ્રેમની ભાવના પ્રગટ કરી હતી. તેમને પણ આજના દિવસે સ્ટાફ અને સ્ટુડન્ટસ દ્વારા યાદ કરવામાં આવેલ હતા. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ સંસ્થાના તમામ કર્મચારી અને વિદ્યાર્થીઓને તેમના જીવનમાંથી માર્ગદર્શન લેવા અને તેમના વિચારો જીવનમાં લાવવાનો અનુરોધ કર્યો હતો. સંસ્થાના મંત્રી મનસુખભાઈ ધાનાણી અને મંત્રી ચતુરભાઈ ખુંટ અને ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ તમામ શિક્ષકગણ અને વિદ્યાર્થીઓને સુંદર પ્રેરણારૂપી કાર્યક્રમ કરવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલાનાં આંબરડી ગામે ગાંધી જયંતિએ સ્વચ્છતા અભિયાન યોજાયું






તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

અમરેલી જિલ્લામાં મહાત્મા ગાંધી જીની જન્મ જયંતીએ જિલ્લાના અલગ અલગ સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગાંધી જયંતીના દિવસે સ્વચ્છતા અભિયાનની જાહેરાત કરવામાં આવી હોવાથી કાર્યક્રમ મુજબ સાવરકુંડલાના આંબરડી સેવા સહકારી મંડળીથી લઈ બસ સ્ટેન્ડ, શાક માર્કેટ, મેઈન બજાર, રામજી મંદિર ચોક સુધી અલગ અલગ ૧૦ થી વધુ જાહેર સ્થળોએ ૧ કલાક કલાક માટે સફાઈ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાવરકુંડલા એપીએમસીના ચેરમેન અને સહકારી આગેવાન દિપકભાઈ માલાણીની આગેવાનીમાં હાથમાં સાવરણાઓ લઈ સફાઈ કરાઈ હતી, સાવરકુંડલા પંથકમાં જાહેર સફાઈના કાર્યક્રમો યોજવામાં આવ્યા તે આવકારદાયક બન્યા હતા. આ સાથે આંબરડી ખાતે સુરતના ખ્યાતનામ ઓર્થોપેડીક સર્જન ડો. હિરેન ભાળાલાએ ફ્રી નિદાન કેમ્પમાં સેવા આપી હતી જેમાં ૧૫૦ થી વધુ જરૂરિયાતમંદ લોકોએ લાભ લીધો હતો.સાવરકુંડલાના આંબરડી ખાતે ગ્રામ પંચાયત દ્વારા સફાઈ કામદારો ડોર ટુ ડોર કચરા કલેકશનની પણ સુવિધા હોવાથી સ્વચ્છતાના કાર્યક્રમો ખરા અર્થે આંબરડી ગામે ચરિતાર્થ થયો હતો, આ કાર્યક્રમમાં સહકારી આગેવાન દીપકભાઈ માલાણી સાથે જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગેદાની, સરપંચ પ્રેમજીભાઈ બગડા, ઉપસરપંચ મહેશભાઈ ચોડવાડીયા, પૂર્વ સરપંચ બાબુભાઈ માલાણી, તલાટી મંત્રી, ગ્રામ પંચાયતના સભ્યો, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહી સ્વચ્છતા કાર્યક્રમને સફળ બનાવી સાવરકુંડલા તાલુકામાં આંબરડી ગામ અવ્વલ સાબિત થયું હતું.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં દેવી સમાન

પણ આ મંદિરની આજુબાજુમાં પણ આંટાફેરા માર્યા હતા અને ચારે તરફ શિકારની તલાશમાં નજર ફેરવી હતી પણ તેમને આજુબાજુ શિકાર નહીં દેખાતા આ સિંહ પરિવાર આગળ રવાના થયો હતો. આ સિંહ પરિવારની તમામ ગતિવિધિ સીસીટીવીમાં કેદ થવા પામી હતી અને આ સીસીટીવીના દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીના જશવંતગઢ ગામના

અગાઉ ઘરથાળના પ્લોટોની માટે અરજીઓ કરી મફત પ્લોટ આપવા માટે માંગણી કરવામાં આવેલ હતી. આ મફત પ્લોટોની માંગણી બાબતે તાલુકા લેન્ડ કમિટી દ્વારા ઘરથાળના પ્લોટોની માંગણી વાળા જસવંતગઢ ગામના અનુસુચિત જાતિ અને બક્ષીપંચના અરજદારોની અરજીઓ ધ્યાને લઈ લેન્ડ કમિટી બોલાવી ૨૦ જેટલા જમીન વિહોણા લોકોને ઘરથાળના પ્લોટો મંજુર કરવામાં આવ્યા હતા.

અમરેલી તાલુકા લેન્ડ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ મફત પ્લોટોનો જસવંતગઢ ગામના અનુસુચિત જાતિ અને બક્ષીપંચના સમાજના લોકોને નવ વર્ષ જેટલાં લાંબા સમયથી પ્લોટની જમીન માપણી કરી, સ્થળ કબજો સોપવામાં આવેલ નથી. તેમજ સનદ પણ આપવામાં આવી નથી.

તારીખ ૦૧/૦૫/૨૦૨૩ થી ૧૮/૦૫/૨૦૨૩ સુધીના સમય ગળ ામાં જશવંતગઢ ગ્રામ પંચાયત દ્વારા ખાનગી જેસીબી લાવી અનુસૂચિત જાતિના લોકો માટે નીમ થયેલ ગામતળ ની જમીનમાં ઊંડા દસ –થી પંદર ફૂટના ખાડા કરી ટ્રેકટરો લાવી માટીની ગેરકાયદેસર હેરફર કરી ગામતળમાં નુકશાન કરી મફત પ્લોટ મળે તેવી જગ્યા રહેવા દીધી નથી.

આ બાબતે ઉચ્ચ સ્તરે રજૂઆત કરવા છતાંય ગ્રામ પંચાયત સામે કોઈપણ પ્રકારના પગલા ભરવામાં આવેલ નથી. જશવંતગઢ ગ્રામ પંચાયત દ્વારા હાલ જે નીમ થયેલ છે તે જમીનમાં મફત પ્લોટ ફાળવી શકાય તેવી જમીન રહેવા દીધી નથી અને ખુબ જ ઊંડા ખાડા કરી દીધેલ છે. આ નીમ થયેલ જમીન ડો. આંબેડકર કોલોની સામે આવેલ ગેચર જમીનમાં ફેરબદલી કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

જેથી અહીં જશવંતગઢ ગામે ઘરવિહોણા લોકોના મંજુર થયેલ હોય તે અમે નવા માંગણીદારોના મંજુર થયેલ કે મંજુર કરવામાં આવે ત્યારે ઘરથાળના પ્લોટની જમીન માપણી કરી ફાળવણી કરી શકાય, તેઓને પ્લોટનો કબજો મળી શકે અને તમામ માંગણીદારને સનદ મળે જેથી તેઓ પોતાના માટે આવાસ બનાવી શકે.

આ બાબતે જીલ્લા કલેકટર, જીલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અને સ્થાનિક ગ્રામ પંચાયત સમક્ષ અનેક વખત છેલ્લા નવ વર્ષથી રજુઆત કરવામાં આવેલ છે, તેમ છતા આજદિન સુધી તાલુકા લેન્ડ કમિટી દ્વારા મંજુર થયેલ અને નવા માંગણીદારોના ઘરથાળના પ્લોટો આપવા બાબતે જમીન ફેરબદલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ નથી કે મંજુર થયેલ પ્લોટની સોંપણી કરી સનદ આપેલ નથી.

૨૦ જેટલાં અનુસૂચિત જાતિના તેમજ અન્ય નબળા વર્ગ ભૂમિહીન લોકોના મકાન બનાવવા માટે પ્લોટ તાલુકા લેન્ડ કમિટીમાં મંજુર કરવામાં આવેલ છે છતા પ્લોટનો કબજો ના આપવામાં લીધે મકાન બનાવી શકતા નથી. આ બાબતે અમરેલી નાયબ કલેકટર (પ્રાંત), તાલુકા વિકાસ અધિકારી, તાલુકા મામલતદાર તેમજ તલાટી મંત્રી જશવંતગઢ દ્વારા આ મુદ્દે જરૂરી કાર્યવાહી કરી અનુસુચિત જાતિ અને અન્ય પછાત વર્ગના ભૂમિહીનખેત મજુર લોકોને મફત પ્લોટ મળે તે માટે ગામતળની જમીન ફેરબદલ કરવા વિનંતી છે.

સ્થાનિક જશવંતગઢ ગામે અનુસૂચિત જાતિ તથા અન્ય નબળા વર્ગના ભમિહીન ખેતમજૂરી કરતા લોકોને આવાસ બનાવવા માટે મફત પ્લોટ યોજના હેઠળ પ્લોટ ન મળવાથી તેઓના ભારતીય બંધારણના આર્ટીકલ ૨૧માં આપેલ ગૌરવ પૂર્ણ રીતે જીવન જીવવાના અધિકારનો ભંગ થઈ રહ્યો છે.

બંધારણમાં આર્ટિકલ ૨૧ હેઠળ ગેરવ પૂર્ણ રીતે જીવન જીવવાનો અધિકાર દરેક નાગરિકને આપવામાં આવેલ છે આ બંધારણીય અધિકારનું રક્ષણ કરવાની જવાબદારી રાજય સરકારની છે. જેથી લોકોના માનવ અધિકાર ભંગના મુદ્દે તેઓના માનવ અધિકારોનું રક્ષણ થાય તે માટે તાત્કાલિક કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### જીવદયા પ્રેમી ગૃપની નવી પહેલ

# સા.કુંડલા પંથકમાં અકસ્માત નિવારણ અર્થે ગૌમાતાને રેડિયમ બેલ્ટ બાંધવામાં આવ્યા

### લોકપ્રિય એન્કર અને તેની ટીમનું ઉમદા કાર્ય

સાવરકુંડલા, તા. ૨

આમ તો સાંપ્રત સમય એવમ્ ડીઝીટલ યુગમાં માનવીય જીવન તો યંત્રવત થતું જોવા મળે છે. એમાં પણ જો કોઈ ગાય જેવા નિર્દોષ પ્રાણીઓ વિશે વિચારી શકે તેવા લોકો ગાય જેવાં પ્રણીઓનું જીવન પણ સરળ બને અને રાત્રીના સમયે લોકો પણ ઘોર અંધકારમાં રસ્તા પર રખડતી ગાયો સાથે અથડાવાના અકસ્માતનો ભોગ ન બને તે ઉદ્દેશથી સાવરકુંડલા શહેરના જીવદયા પ્રેમીઓ દ્વારા આગવું સેવાકીય આયોજન કરેલ છે કે જેનાથી ગાયો પણ અકસ્માતનો ભોગ બનવાની સંભાવના પણ ટાળી શકાય પરિણામે રસ્તા પર વાહન લઈને જતાં વાહન ચાલકો અને ગાય એકબીજા સાથે અથડાવાથી અકસ્માતનો ભોગ ન બને તે હેતુથી જીવદયા પ્રેમી ગ્રુપની ટીમ દ્વારા ગાયો અને માણસોને એકિસડન્ટથી બચાવવા માટે ગાયને રેડિયમ બેલ્ટ બાંધવામાં આવ્યા જેથી ગાયો પણ બચી શકે અને માણસો પણ.

પાના ૮ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં ટીંબી નજીક ટ્રક ચાલકે

ઉપર બેઠેલ ગાયો સાથે જોરથી ભટકાડેલ જેથી ગાયો રોડ ઉપર આડા અવળી ફેંકાય ગયેલ તે સમયે ત્યાં પેટ્રોલ પંપ કામ કરતાં માણસો તથા આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલ હતા અને ત્યાં રોડ ઉપર જોતા ટ્રક ચાલકે તેનો ટ્રક ગાયો સાથે ભટકાડી દેતા સ્થળ ઉપર ચાર ગાયોના મોત નીપજયા હતા તથા ચાર ગાયોને ગંભીર ઈજાઓ થયેલ હતી અને તે પણ હલીચલી શકતી ન હોય બાદમાં લોકોએ એકઠા થઈ મરણ ગયેલ ગાયોને તથા ઈજા થયેલ ગાયોની સારવાર કરાવવા જાફરાબાદ ગૌ–શાળામાં જાણ કરેલ છે તથા મરણ ગયેલ ગાયોને ખાડો કરી દફનાવવાની તજવીજ કરેલ હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરા અને હવે અમરેલી, વડિયા અને દામનગરમાં

**વડિયા**

વડિયા કુષ્ણપરા વિસ્તારમાં આજે સવારે ગ્રામ પંચાયત દ્વારા પીવા માટે ઘરે ઘરે પાણી વિતરણ કરવામાં આવ્યું હતું પરંતુ ડહોળુ અને ગંધાતું પાણી આવતા લોકોએ વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયાને ટેલીફોનીક જાણ કરેલ કે આ પાણી અતિ ખરાબ ડહોળુ અને ગંધાતું આવે છે આ પાણી પીવા લાયક નથી માટે ચોખ્ખું પાણી આપો. ત્યારે સરપંચે જણાવ્યું હતું કે વડિયા સુરવો ડેમના દરવાજા ખોલશે એટલે આવું જ પાણી આવશે જો કે સરપંચે વધુમાં જણાવ્યું હતું કે, વડિયા સુરવો નદી કિનારે આવેલા જીલ્લા કુવામાંથી પાણીનું વિતરણ કરવામાં આવે છે અને તેમા સુરવો ડેમના દરવાજા ખોલે એટલે ડહોળ ભેગો થાય છે. ત્યારે લોકોમાં અનેક પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જો આ જીલ્લા કુવામાં કલોરીનનો પાવડર ગ્રામ પંચાયત દ્વારા નાખવામાં આવે તો આ પાણી પણ ચોખ્ખું થઈ શકે છે. શું સરપંચ જાણી જોઈને લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે ? શું કુવામાં કલોરીન પાવડર નાખી લોકોને ચોખ્ખું પાણી વિતરણ ના થઈ શકે ? આવા અનેક પ્રકારના પ્રશ્નો લોકોને વિચારતા કરી દીધા છે.

**દામનગર**

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને પોતાના વિસ્તારનો વિકાસ અને સુખાકારી માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવાતી હોય છે. પોતાના ગામનો વિકાસ થાય અને મદદરૂપ એવી સ્થાનિક સત્તાધીશોની ફરજમાં આવતું હોય છે. રાજય સરકારે જારી કરેલા આંકડા મુજબ દામનગર ગ્રામ પંચાયત પછી નગરપાલિકાએ છેલ્લા ૩૫ વર્ષથી સરકારને હિસાબો રજૂ કર્યા નથી...!!! આટલી બધી ગંભીર બેદરકારી ...!!! કોઈ કર્મચારી કે અધિકારી કે પદાધિકારી ભ્રષ્ટાચાર કરે તો તેને પકડીને કાયદેસરની કાર્યવાહી કરાતી હોય છે. આ તો દામનગર તંત્રએ છેલ્લા ૩૫ વર્ષથી હિસાબ આપ્યો નથીનું કારણ શું હોય શકે....!!? સવાલો તો ઘણા ઉઠે છે. ઠીક છે આ મુદ્દો ગંભીર છે પણ હવે છેલ્લા ત્રણ વખતથી દામનગર તંત્ર દ્વારા શહેરીજનોને ડહોળા પાણીનું વિતરણ કરવામાં આવતું હોય, સુખાકારીને બદલે આરોગ્ય ઉપર ગંભીર અસર થઈ શકે એમ છે. તાજેતરમાં જ અઢી વર્ષ માટે નવા પદાધિકારીઓની નિમણૂંકો થઈ છે, બરાબર ઉત્સાહી અને ગામની સેવા કરવાની ધગશ ધરાવે છે અને પ્રમુખને તો બહોળો અનુભવ છે એટલે ખાસ તો પીવાના માટે ખાસ ધ્યાન આપશે એવી લાગણી વ્યકત કરવામાં આવી છે.

# અમરેલી : રાષ્ટ્રપિતા ગાંધીબાપુના જન્મદિવસની બાલભવનમાં ઉજવણી




અમરેલી, તા. ૨

બીજી ઓકટોબર ભારત માતાનાં બે મહાન સપૂતો પુજય મોહનલાલ ક.ગાંધી (રાષ્ટ્રપિતા) અને પૂજય લાલબહાદુર શાસ્ત્રી (પૂર્વ વડા પ્રધાન) બન્નેનાં અવતરણ દિને બાલભવના વિશાલ ખંડમાં જયાં બાપુનાં અસ્થિ સંચવાયેલા છે. તેના કુંભદર્શન કરી સૂતરમાળા અને પુષ્પમાળાથી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ જેમાં ડો.જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટનાં મેનેજિંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવાટ, પટેલ વિદ્યાર્થી આશ્રમનાં મંત્રી નારણભાઈ ડોબરિયા, બાલભવનનાં ડે.ડાયરેકટર દિનેશભાઈ, લોકસાહિત્ય સેતુનાં પ્રમુખ મહેન્દ્રભાઈ જોષી, લોકસાહિત્યકાર નાનજીભાઈ હીરપરા, (ચલાલા) અશોકભાઈ કાથરોટીયા (ચલાલા) ઈતેશભાઈ મહેતા (પ્રમુખ અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ) સમગ્ર બાલભવનનો સ્ટાફ ખાસ ઉપસ્થિત રહી બન્ને મહાપુરૂષોને શ્રદ્ધાંજલિ પાઠવી.

### ગાંધીબાગના પટાંગણમાં આવેલ મહાત્મા ગાંધીની પ્રતિમાને

# અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મહાત્મા ગાંધીને પુષ્પાજંલિ અર્પણ

### ગાંધી જયંતિ નિમિત્તે શ્રદ્ધાસુમન અર્પણ કર્યા

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પૂજય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે પૂજય બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

અમરેલી ગાંધીબાગ ખાતે પૂજય બાપુને શ્રધ્ધાસુમન કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, લાઠી બાબરાના પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર તથા જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ પૂર્વ ચેરમેન ટીકુભાઈ વરૂ, જિલ્લા કિસાન સેલ પ્રમુખ સત્યમભાઈ મકાણી, ઓબીસી સેલ પ્રમુખ રમેશભાઈ ગોહિલ, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શંભુભાઈ દેસાઈ, રવજીભાઈ મકવાણા હાથ સે હાથ જોડો અભિયાન કન્વીનર વિપુલભાઈ પોન્કિયા, શિક્ષક સેલના પ્રમુખ પ્રવીણભાઈ વસરા, નારણભાઈ મકવાણા પરવેઝભાઈ ચૌહાણ કુરેશીભાઈ સહિત કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આજના દિવસે ભારતના પૂર્વ વડાપ્રધાન લાલબહાદૂર શાસ્ત્રીજીનો પણ જન્મદિવસ હોય ‘ જય જવાન જય કિસાન’ના નારા સાથે ઉપસ્થિત કોંગ્રેસ અગ્રણીઓએ શાસ્ત્રીજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.


## જાહેર હરરાજી

**ઇંગોરાળા પ્રાથમિક શાળા – તા. બાબરા, જિ. અમરેલી.**

**જુના સ્લેબવાળા ૨ રૂમ તથા નળીયાવાળા**

**૭ રૂમની જાહેર હરરાજી**

આથી રસ ધરાવતી પાર્ટીને આ જાહેર હરરાજીથી જાણ કરવામાં આવે છે કે, ઈંગોરાળા પ્રાથમિક શાળા તા. બાબરા, જિ. અમરેલી જુના સ્લેબવાળા બે રૂમ તથા નળિયાવાળા સાત રૂમની જાહેર હરરાજી તા. ૧૨/૧૦/૨૦૨૩, ગુરૂવાર, સમય : બપોરનાં ૨ કલાકે રાખવામાં આવેલ છે. સમયસર હાજર રહેવુ. અપસેટ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/– ડિપોઝીટ રૂપિયા ૩૦૦૦/– સાથે આધારકાર્ડની ઝેરોક્ષ, હરરાજી મંજૂર થયે તરત ત્યાં જ પુરી રકમ રોકડમાં ભરવાની રહેશે અન્ય શરતો રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

**હરરાજી તા.૧૨/૧૦/૨૦૨૩, સ્થળ : ઈંગોરાળા પ્રાથમિક શાળા.**

**આચાર્યશ્રી**
**ઈંગોરાળાપ્રા.શાળા,**
**(તા.બાબરા)**

**જાગૃતિબેન**
**અધ્યક્ષએસ.એમ.સી.**
**ઈંગોરાળાપ્રા.શાળા,**
**(તા.બાબરા)**


# અમરેલી ખાતે કેન્દ્રીય મંત્રી રૂપાલાનાં અધ્યક્ષ સ્થાને ગાંધી વંદના કરાઈ






દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે અમરેલી શહેરના ગાંધીબાગ ખાતે કેન્દ્રીય પશુપાલન અને મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને ‘ગાંધી વંદના’ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીબાગ સ્થિતિ મહાત્મા ગાંધીની પ્રતિમાને કેન્દ્રીય મંત્રી, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ અગ્રણીઓ સાથે સૂતરની આંટી પહેરાવી ફૂલહાર કર્યા હતા. સૌએ ગાંધીજીના વિચારોને જીવનમાં અમલ બનાવી તેમના આદર્શોને અનુસરવાની હાકલ કરી હતી. ગાંધીબાગના કાર્યક્રમ બાદ કેન્દ્રીય મંત્રી અને નાયબ મુખ્ય દંડક તેમજ સાંસદ સાથે મહાનુભાવોએ અમરેલી શહેરમાં રાજમકલ ચોક સ્થિતિ ખાદી ભંડાર ખાતેથી ખાદીની ખરીદી કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીજીને પ્રિય વિષય સ્વચ્છતાને સમગ્ર રાષ્ટ્રમાં જનઆંદોલન બનાવ્યું છે. વડાપ્રધાન જયારે રાજયના મુખ્યમંત્રી હતા ત્યારથી જ ગાંધીજીને પ્રિય એવી ખાદીની બીજી ઓકટોબરે સૌ આગેવાનો ખરીદી કરે તેવી શરૂઆત કરી હતી. વડાપ્રધાનની આ પહેલના કારણે ખાદી ખરીદીને પ્રોત્સાહન મળ્યું છે. ખાદી ભંડારના આંકડાઓ મુજબ સમગ્ર વર્ષ દરમિયાન જેટલું ખાદીનું વેચાણ થાય છે એટલું વેચાણ માત્ર બીજી ઓકટોબરે ગાંધીજીની જયંતિ નિમિત્તે થાય છે. ખાદી ખરીદી સાથે ફકત વેચાણ જ નહીં પરંતુ ખાદી વણાટ કરનાર, ખાદી તૈયાર કરનારા કારીગરો, કપાસ ઉગાડનારા ખેડૂતોને પણ આ કાર્યથી પ્રોત્સાહન મળે તેવો ઉમદા હેતુ છે. આ સાથે અમરેલી ગાંધીબાગ ખાતેથી ‘નશાબંધી સપ્તાહ’ની ઉજવણીનો પ્રારંભ થયો હતો. એક અઠવાડિયા દરમિયાન અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નશાબંધી વિષયક લોકડાયરો, વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, રાસ ગરબા હરિફાઈ, પ્રવચન, કઠપૂતળીના ખેલ સહિતના કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્યદંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડિયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, સ્થાનિક પદાધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાનાં ખુમાણ પરિવાર દ્વારા પિતૃનાં શ્રાદ્ધ નિમિતે હરિદ્વારમાં બાળકોને મિસ્ટ ભોજન



સાવરકુંડલા સૂર્યોદય પરીવાર તરીકે જાણીતા ખુમાણ પરીવારનાં મોભી, સ્વ. બદરૂબાપુ આપાબાપુ ખુમાણનાં સ્મરણાર્થે આજે પ્રથમ શ્રાદ્ધ નિમિત્તે સપરિવાર લલિતા અંબા આશ્રમ હરીદ્વાર મુકામે સૌ પ્રથમ ગંગાજીના પવિત્ર ઘાટે વિદ્વાન પંડિતજી દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી શ્રાદ્ધ વિધી કરી હતી. ત્યારબાદ હરિદ્વારમાં અત્યંત સાધારણ આર્થિક પછાત બ્રાહ્મણ પરિવારનાં બાળકો માટે ચાલતી સંસ્કૃત પાઠશાળાના ૧૫૧ વિદ્યાર્થિઓને દૂધપાક પુરી સાથેનું મિષ્ટાન ભોજન કરાવ્યું હતું. ત્યારબાદ તમામ વિધાર્થીઓને, સનરાઈઝ સ્કૂલનાં મેનેજીંગ ટ્રસ્ટી અને પત્રકાર પ્રતાપભાઈ ખુમાણ અને તેમનાં લઘુ બંધુ અને સૂર્યોદય પેટ્રોલ પંપના ઓનર હનુભાઈ ખુમાણ દ્વારા બંધ કવરમાં ગુપ્ત દાન રૂપે રોકડ રકમ દક્ષિણા રૂપે ધરવામાં આવી હતી.

### યુવા માર્ગદર્શક મુકેશ સંઘાણીનું સ્વપ્ન સાકારભણી

## અમરેલી : સારહી તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞનો સીલસીલો યથાવત

### પ્રસિદ્ધ બ્રોકર તલાટી પરિવાર દ્વારા યજ્ઞ સંપન્ન

અમરેલી, તા. ૨

સારહિ તપોવન આશ્રમ ખાતે તેમના સ્વપ્ન દ્રષ્ટા પ્રેરણાસ્ત્રોત મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર બની રહેલા, તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે, તેમાં આજરોજ તા. ૦૧/૧૦/૨૦૨૩ રોજ કૌશિકભાઈ પ્રભુદાસભાઈ તલાટી સહ પરિવારને યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરી. ગાયત્રી મંદિર ટ્રસ્ટના પરિજન ભાસ્કરભાઈ તળાવીયાએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.



## માહી ડેરીનાં કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા




અમરેલી, તા.૨

સ્વચ્છતા ત્યાં પ્રભુતા – આ સુત્ર આપણે અવાર–નવાર વાંચ્યું છે. અથવા તો તેનો ઉપયોગ કર્યો છે. પરંતુ આપણે જ આપણી આજુબાજુની સ્વચ્છતા બાબતે ઉદાસિનતા દાખવીએ છીએ તે પણ હકીકત છે.

કહેવાય છે કે ઈશ્વરને સ્વચ્છતા ખુબ જ પસંદ છે એટલે તો વહેલી સવારે વૃક્ષો, વેલા અને પુષ્પોને તે ઝાકળ વડે નવરાવે છે ! જયાં સમજ ત્યાં સ્વચ્છતા, જયાં સ્વચ્છતા ત્યાં આરોગ્ય અને જયાં આરોગ્ય ત્યાં સંપતિ, સ્વચ્છ શરીર હોય તો વિચારો પણ સ્વચ્છ આવે છે. અને જયાં સ્વચ્છ વિચારો હોય ત્યાં ચારે તરફ સ્વચ્છતા હોવાની આ એક બીજા ઉપર આધારિત છે અને તેથી જ આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત–સ્વચ્છ ભારતનું સુત્ર આપી સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરાવેલું છે.

સૌરાષ્ટ્ર – કચ્છ વિસ્તારનાં દુધ ઉત્પાદકોની સંસ્થા માહી ડેરી દ્વારા ગાંધી જયંતિ નિમિતે તા.૨ ઓકટોબર, સોમવારનાં રોજ રાજકોટનાં ભકિતનગર રેલ્વે સ્ટેશન ખાતે સ્વચ્છતાના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેરીનાં અધિકારીઓ, કર્મચારીઓ તેમજ રેલ્વે કર્મચારીઓએ સફાઈ કાર્યક્રમમાં જોડાઈને રેલ્વે સ્ટેશનમાં સફાઈ કાર્ય કરી સમગ્ર સ્ટેશનને કચરામુકત કર્યુ હતું.

આ રાષ્ટ્રીય અભિયાનના કાર્યક્રમમાં માહી ડેરીનાં ચીફ એકિઝકયુટિવ ડો.સંજય ગોવાણીની આગેવાની હેઠળ સંસ્થાનાં તમામ કર્મચારીઓ, અધિકારીઓ વગેરેએ ઉપસ્થિત રહી સ્વચ્છતા કાર્ય હાથ ધરી લોકોને કચરો કચરા પેટીમાં જ નાંખવા અનુરોધ કર્યો હતો.

આ અંગે માહી ડેરીનાં ચીફ એકિઝકયુટિવ ડો.સંજય ગોવાણી જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીએ આપેલા સ્વચ્છતાના સંદેશને આપણે આપણા દૈનિક જીવનનાં ભાગ સાથે વણી લોવાો જોઈએ.

કચરો જયાં ત્યાં નાંખીને આપણે જ આપણા સ્વાસ્થ્ય માટે ખતરો ઉભો કરી રહયા છીએ. ત્યારે આપણે આપણી રાષ્ટ્રીય ફરજ સમજીને કચરાનો નિકાલ યોગ્ય જગ્યાએ કરીએ તે આજનાં ાસમયની માંગ છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગાંધીજયંતિ તથા લાલબહાદુર શાસ્ત્રી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન

અમરેલી, તા. ૨

શિક્ષણ અને સંસ્કાર માટે સુપ્રસિદ્ધ એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૨ ઓકટોબરે ગાંધી જયંતિ તથા પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થનાસભા યોજાઈ, જેમાં – સર્વધર્મ પ્રાર્થના અને ગાંધી વંદના તેમજ વૈષ્ણવજન જેવા ગીતો ગાવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયા તથા વિલાસબેન વઘાસિયાએ શિક્ષણ અને જીવનમાં સ્વચ્છતાનું મહત્વ વિષે પ્રેરક પ્રવચનો આપ્યા હતા. આજરોજ ૨ ઓકટોબર ગાંધી જયંતિ તેમજ લાલબહુદર શાસ્ત્રી જયંતિ નિમિત્તે શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ગાંધી જ્ઞાન કસોટી અનુલેખન, વકૃત્વ સ્પર્ધા તેમજ સફાઈ અભિયાન અનુસંધાને શ્રમદાન આપી શાળાના પરિસરમાં તેમજ આજુબાજુના




વિસ્તારમાં સફાઈ અંગેની પ્રવૃત્તિ કરી અને આજના દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રવૃત્તિઓમાં શાળ ાના વિદ્યાર્થિઓ સ્ટાફ તેમજ સંસ્થાના સંચાલક દંપતી દિપક ગુરૂજી અને વિલાસ દીદી પણ જોડાયા અને ગાંધી જયંતિની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી.

### શહેરીજનોને ગેરમાર્ગે દોરવાનો અણઘડ પ્રયાસ

## બગસરામાં અગ્રણીએ સ્વચ્છ જમીનમાં સ્વચ્છતાનું કાર્ય કર્યુ

### ફોટોસેશન કરવાની લ્હાયમાં ઉતાવળ કરી

બગસરા, તા. ૨, બગસરામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત બગસરા તાલુકાના મહામંત્રી સફાઈ કરેલ જગ્યામાં સફાઈ કરે છે. બગસરામાં બગસરા તાલુકા ભાજપ મહામંત્રી અક્કલનું પ્રદર્શન કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે ચોખ્ખી જગ્યામાં સાવણો ફેરવી માત્ર ફોટા પડાવવા માટે અને નરેન્દ્ર મોદી ને સારૂં લગાડવા માટે હાથમાં પકડી અને સારી જગ્યાએ ફેરવી અને ફોટા પડાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરેલ શું થશે આ દેશનું આખા તાલુકામાં કચરાના ઢગલા પડયા હોય અને ભાઈસાબ ચોખ્ખી જગ્યાએ જાડુ રાખીને ફોટા ખેચાવે છે આ તસવીરમાં તમે જોઈ શકો છો.


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## ચમારડીનાં તલાટી મંત્રીની જિલ્લા ફેર બદલી થતા વિદાય સમારોહ યોજાયો

બાબરા, તા. ૨

બાબરા તાલુકાના ચમારડી ગામે ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી તરીકે છેલ્લા ૧૦ વરસથી ફરજ બજાવતા ઈન્દ્રવદન પરમારની જિલ્લા બહાર બદલી થતા ગ્રામ પંચાયત પરિવાર દ્વારા ભાવ ભરી વિદાય આપવામાં આવી હતી.

ચમારડી ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અરવિંદભાઈ મેમકીયા, મનુભાઈ શેલિયા, જસમત ભાઈ ચોવટિયા, ભાયાભાઈ ઝાપડા, જીવરાજભાઈ અસલાલીયા, કમલેશભાઈ ડાભી, બચુભાઈ અસલાલીયા, વિનુભાઈ પીઠવા, લખુભાઈ બસિયા, રાજુભાઈ



વસ્તરપરા, ઉકાભાઈ, સહિતના સ્થાનિક અગ્રણીઓ દ્વારા મંત્રી પરમારભાઈનું સન્માન કરી ભાવ ભરી વિદાય આપી ગ્રામ પંચાયતમાં તેમને કરેલા કાર્યોની પ્રશ્વશા કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

# અમરેલી જિલ્લા ભાજપા ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાનાં નેતૃત્વમાં અનૂ.જાતિ મોરચા દ્વારા જનસંપર્ક



ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અધ્યક્ષ સી.આર પાટીલની સુચના અને અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ રાજેશભાઈ કાબરીયાના માર્ગદર્શન હેઠળ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા અનુસૂચિત જાતિ વસ્તી સંપર્ક અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયા દ્વારા સાવરકુંડલા તાલુકાના વાશીયાળી ગામની મુલાકાત કરવામાં આવી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બન્યા પછી ડો.બાબા સાહેબ આંબેડકરના જીવન કવન સાથે જોડાયેલ મહત્વના પાંચ સ્થળો જેવાકે જન્મભૂમિ, શિક્ષા ભૂમિ, દીક્ષા ભૂમિ, મહાપરિનિર્વાણ ભૂમિ, ચૈત્ય ભૂમિ ની આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્મારક સ્વરૂપે વિકસાવી તેને પંચ તીર્થ નામ આપી વૈકિ સ્તરે ડો.બાબા સાહેબ આંબેડકરનું ગૌરવ વધાર્યુ છે, ત્યારે અનુસૂચિત જાતિ ગુજરાત પ્રદેશ દ્વારા અનુસૂચિત જાતિ વસ્તી સંપર્ક અભિયાન કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા તાલુકાના વાશીયાળી ગામમાં અનુસૂચિત જાતિના પરિવારોની અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાએ શુભેચ્છા મુલાકાત લીધી અને રાષ્ટ્ર નિર્માણ માટે અનુસૂચિત જાતિના મહત્વના યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો અને વડીલોના આશીર્વાદ લીધા. આ તકે સુરેશ પાનસુરીયા સાથે અમરેલી જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પુનાભાઈ ગજેરા, ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના કારોબારી સભ્ય અરવિંદભાઈ મેવાડા, અમરેલી જિલ્લા ભાજપ માલધારી સેલ પ્રમુખ મયુરભાઈ રબારી, સાવરકુંડલા તાલુકા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ હીરાભાઈ બગડા, સાવરકુંડલા તાલુકા ભાજપ પૂર્વ મહામંત્રી પ્રકાશભાઈ પાનસુરીયા, યુવા ભાજપ અગ્રણી દેવર્ષિભાઈ બોરીસાગર, વાશીયાળી ગામના સરપંચ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

